# ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર

વર્ષ : ૨ અંક : ૩ માર્ચ,૨૦૦૦

સંપાદક ટીમ
પ્રકાશ ભટ્ટી
દયા ચૌહાણ
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા


## દુષિત પાણીથી થતા રોગો અને તેના અટકાવ

'જે પોસતુ તે મારતુ એ ક્રમ દિસે કુદરતી'

ઉપરની પંકિત વાંચીએ તો ખ્યાલ આવે કે જે પોષણ આપે છે તે મારી પણ શકે છે.પણ કયારે ? તે પણ જાણવુ જરૂરી છે.અતિશયોકિતએ સજાનુ પ્રથમ પગથિયુ છે.કોઈ પણ વસ્તુનો દુરઉપયોગ અથવા તેના પ્રત્યેની બેદરકારી ઉકત પરિસ્થિતિ સર્જે છે.

પાણીની બાબતમાં પણ કંઈક આવુ જ છે.પાણીની ગુણવતા દિન પ્રતિદિન બગડી રહી છે.પરિણામે પાણી કયારેક શ્રાપ રૂપ સાબિત થાય છે.પાણી દુષિત થવાના ઘણા કારણો છે.જાણ્યે–અજાણ્યે આપણે જ પાણીને દુષિત કરીએ છીએ.તળાવમાં કે નદીમાં કપડા ધોવા, વાસણ માંજવા,પશુઓને ધમારવા,આવી તો અનેક નાની મોટી રોજીંદા જીવનમાં ઘટતી ઘટનાઓથી પાણી દુષિત થઈ રહયુ છે.મિત્રો, પેલી કહેવત તમે સાંભળી હશે'જળમાં મળ નહિં' તે પણ પાણીના શુધ્ધિકરણનો મહિમા બતાવે છે.આવા દુષિત પાણી પીવાથી થતા રોગો વિષે જાણીએ.

પાણીમાં ચાર ગુણવતા રહેલી છે જેના લીધે ચાર પ્રકારના પાણી જન્ય રોગો થવાની શકયતા છે. આપણે વિગતે જોઈએ

**(૧)ભૌતિક–રાસાયણિક** :–પાણી પીધા પછી પાણી પીધાનો સંતોષ થવો જોઈએ પાણીમાં રહેલી ભૌતિક અશુધ્ધિ દ્વારા ઘણા રોગો ફેલાય છે .પાણીની ડહોળાશ અને તાપમાન તેના સપ્રમાણમાં હોવા જોઈએ પાણીમાં ઓકિસજનનુ પ્રમાણ પુરતુ હોવુ જોઈએ. જો તે ઓછુ થાય તો પાણી ચીકણું અને ગંધ મારતુ થાય છે. મોટા ભાગે બંધીયાર પાણીમાં આ પ્રશ્ન વધારે થાય છે.આ અશુધ્ધિથી પરેશાન કરાવતો ફલોરોસીસ નામનો રોગ થાય છે.આ રોગ ફલોરાઈડ વાળા પાણીથી થાય છે. આ પાણીથી ત્રણ પ્રકારના ફલોરોસીસ થાય છે.દાતનો,હાડકાનો અને સ્નાયુઓમાં ફલોરોસીસ. પાણીમાં ફલોરાઈડનું પ્રમાણ એક મિલીગ્રામ સુધી સારુ ગણાય પરંતુ દોઢ મિલીગ્રામ અને તેથી વધારે હોય તો નુકશાન કરે છે.પાણીમાં બિલકુલ ફલોરાઈડ ન હોય તો દાતમાં ખાડા પડે છે. પાણીમાં ફલોરાઈડ જણાય અથવા તો તે રોગના લક્ષણો જણાઈ આવે કે તુરત જ નજીકના આરોગ્ય કેન્દ્ર અને પાણી પુરવઠા બોર્ડનો સંપર્ક કરી તેમની સલાહ મુજબ ચાલવુ અને તેવુ પાણી પીવા માટે વાપરવુ નહી.

**(૨)જીવાણુ** :–પાણીમાં નરી આંખે ન જોઈ શકાય તેવી કેટલીક જીવાતો રહેલી છે. આ જીવાત જોવા માટે સુક્ષ્મદર્શક યંત્રની મદદ લેવી પડે આ પ્રકારની વિવિધ જીવાતથી માનવજાતને વિવિધ રોગો થવાના સંભવ છે.અને એટલે જ બજારુ અને ખુલ્લા ખોરાક નહી ખાવાની વણમાગી સલાહ છે. તમે કયારેય પાણી પુરીના પાણીની સ્લાઈડ જોઈ છે ? નહી તો એક વખત જોઈ લેશો એટલા તો જીવાણું ગતિ કરતા હોય છે કે તમને નહી ખાવા માટે સલાહ પણ નહી આપવી પડે. આ પ્રકારમાં મોટે ભાગે બેકટેરિયાથી થતા રોગોનું પ્રમાણ વધારે છે. તદઉપરાંત પ્રોટોજુઆ (વાળો) હાલ તો આ રોગ સંપુર્ણ નાબુદ થયેલો જાહેર થયો છે. પરંતુ આ રોગોની સંભાળ રાખવી ખુબજ જરૂરી છે. આ પ્રકારના રોગોના લક્ષણો જણાઈ આવે કે તુરત જ દાકતરી સલાહ મુજબ સારવાર લેવી .આ પ્રકારના રોગોથી બચવા પાણી હમેંશા ઉકાળીને જ પીવુ જોઈએ

**(૩)વિષાણુ** :–પાણીમાં રહેલા વાયરસને લીધે કેટલાક રોગો ફેલાય છે.આ પ્રકારના રોગો મોટેભાગે ચેપી હોય છે.આ રોગોમાં કમળો,કોલેરા અનેપોલીયો જેવા ગંભીર રોગોનો સમાવેશ થાય છે. પાણીમાં રહેલ વિબ્રિયોકોલેરી નામના જીવાણુંથી આ રોગ થાય છે.ઉપરના રોગોમાં પ્રથમ બે રોગ જીવલેણ છે.આ રોગોની ભાળ મળતા જ નજીકના આરોગ્ય કેન્દ્રના ડોકટરનો સંપર્ક કરી સારવાર શરુ કરવી અને પાણીમાં નિયમિત કલોરીનની ગોળીઓ નાખવી.ગામના અનેઘરના પાણીના ટાંકા તેમજ પીવાના પાણીના વાસણો નિયમિત સાફ કરવા.

આ રોગની જાણ થતા ગ્રામ સફાઈ,શેરી સફાઈ અને ઘર સફાઈ જેવા કાર્યક્રમો હાથ ધરવા,ગંદકી દુર કરવી.

યાદ રાખીએ શુધ્ધ પાણી એ આશીર્વાદ છે.બધા જ રોગોથી બચવા પાણી નિયમિત ગાળીએ,ઉકાળીએ,પાણીના વાસણો અને સ્થાનો સ્વચ્છ રાખીએ,પાણીમાં કલોરીનનો ઉપયોગ કરીએ અનેપામીએ સુખી જીવન અને સાર્થક કરીએ.....

'શુધ્ધ પાણી નિરોગી શરીર'

**ગરીબીમાં ગુનાખોરી જન્મે છે. –બર્નાડ શો**

## સૌરાષ્ટ્ર મૈત્રી મંચની સ્વૈચ્છિક સંસ્થાઓ જોગ

સૌરાષ્ટ્રમંચની જે સ્વૈચ્છિક સંસ્થાઓ જળવ્યવસ્થાપન ક્ષેત્રમાંકામ કરે છે તેમના અનુભવોનુ સંકલન કરવા વિચારણા થયેલ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારનીસ્વૈચ્છિકસંસ્થાના અનુભવો વૈજ્ઞાનિક રીતે તારવી,રાજયસરકાર પાસે મુકવા અને આગામી ચોમાસા પહેલા મૈત્રીમંચ કેટલાક નિતિવિષયક નિર્ણયો લેવરાવી શકેતો જળ વ્યવસ્થાપન સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓને જે વહીવટી મુશ્કેલીઓ નડે છે,તેનુ નિવારણ થઈ શકે.ઉપરાંતજળ સંચય કાર્યમા ંવધુ સ્વૈચ્છિક સંસ્થાઓ અને આમ લોકોની ભાગીદારી પણ વધારી શકાય.

બીજી તરફ રાજય સરકારે સૌરાષ્ટ્ર–કચ્છમાં પાણીની અછત નિવારવા ૪૦% લોકસહકારની અપેક્ષાએ રૂ.૬૦ કરોડ ફાળ વ્યા છે.પરંતુ આ સહાય ઉંડાણના ગામડાઓ સુધી પહોંચે તે અંગે આયોજન મહત્વનુ બની રહે છે.આ સબંધે મૈત્રીમંચના પ્રમુખ ડો.વિદ્યુતભાઈ જોષીના અધ્યક્ષ પણા હેઠળ મૈત્રીમંચના સુરેન્દ્રનગરજીલ્લાના મુખ્ય સંયોજક શ્રી અરવિંદ આચાર્ય તેમજ ભાવનગર જીલ્લાના મુખ્ય સંયોજક શ્રી કૃષ્ણકાંતભાઈ ભટ્ટની એક સમિતિ રચાઈ છે.જેઓએ તૈયાર કરેલ નીચેના ફોરમેટમાં આપની સંસ્થા દ્વારા સરકારશ્રીની કે અન્યકંઈ પણ સ્વરૂપે જળ સંગ્રહ અંગેની કામગીરી થઈ હોય તેની વિગતો ૧૦/૪/૨૦૦૦ પહેલા મોકલી આપવા વિનંતી છે.

આપની કામગીરી અંગેની વિગતો નમુના મુજબનાફોરમેટ માં જ અલગ કાગળ પર વિસ્તારે લખી જણાવશો.શકય હોય જળ સંગ્રહ અંગે આપે તૈયાર કરેલસીવીલ સ્ટ્રકચર તથા જળસંગ્રહ બાદ મળેલા પરીણામોની તસ્વીરો સ્થળ તારીખ સાથે મોકલશો. ફોરમેટમાં માહિતિ મોકલવાના બદલે આપની સંસ્થાગતપ્રવૃતિઓ ના પુર્વ પ્રકાશિત થયેલા અહેવાલો ન મોકલવા ખાસ વિનંતિં છે.

**જળશ્રાવ કાર્યક્રમ સાથે જોડાયેલ સંસ્થાએ મોકલવાની વિગતો**

(૧)સંસ્થાનુ નામ,સરનામુ,ફોનનં(કોડ સાથે)

(૨)સંસ્થાનો ટ્રસ્ટ એકટ તથા સોસાયટી એકટ નીચે નોંધણી નંબર અને તારીખ.

(૩)સંસ્થાના હાલના ટ્રસ્ટીઓના નામ અને સંસ્થામાં હોદો.

(૪)જળવ્યવસ્થાપનકાર્યસાથેજોડાયેલસંસ્થાનાકાર્યકરોનાનામ,શૈક્ષણિક લાયકાત,સંસ્થામાં હોદો, સામાજીક કામોનો કુલ અનુભવ વર્ષ.

(૫)સંસ્થાના ઉપક્રમે શરૂ થયેલ જળશ્રાવ યોજનાનાકાર્યક્રમોનુ નામ,કાર્યક્રમ શરૂકર્યા તારીખ વર્ષ,કાર્યક્રમ અન્વયે આવરી લેવાયેલ તાલુકા –જીલ્લાનુ નામ,યોજનાથી લાભાન્વિતથયેલ ગામોના નામ અને ગામની વસ્તી.

(૬)સંસ્થાગત પ્રયત્નોથી તૈયાર થયેલ સીવિલ સ્ટ્રકચરનુ નામ,સ્ટ્રકચરએક જ પ્રકારે એકથી વધુ હોય તો સંખ્યા,સ્ટ્રકચર તૈયાર કરવામાં કેટલા દિવસ થયા ? તે સંખ્યા,સ્ટ્રકચર તૈયાર કરવાનુ કુલ ખર્ચ,આ કાર્ય દ્વારા સ્થાનિક રીતે કેટલા લોકોને કામ મળ્યુ(સંખ્યા),કેટલા કલાક અને તેથી કરીને તેમને કેટલા રૂપિયાની રોજી મળી ?સ્ટ્રકચર તૈયાર કરવા માટે કોઈ સ્થાનિક મટીરીયલનો ઉપયોગ કર્યો હોય તો વસ્તુનુ નામ–જથ્થો અને તેની કિંમત. આ કામ થકી જેતે સ્થળના ગામને કેટલી રોજગારી મળી?

(૭)જળશ્રાવ યોજનાના ગામો સ્થળો ઉપર લાભાર્થી જુથની રચના થઈ હોય તો જુથનુ નામ તેમાં સ્ત્રી–પુરૂષ સભ્ય સંખ્યા,જુથના ઉપક્રમે થયેલ અન્યપુરક રોજગારીની વિગત,તેથી જુથના સભ્યોને મળેલ પુરક રોજીનીઅંદાજીત રકમ રૂ.,હાલ બચત હોય તો રકમ.

(૮) જળશ્રાવ યોજના સબંધેએન્ટ્રીપોઈન્ટ તરીકે અથવા તો સંસ્થાગત રીતે ગામમાં શરૂ કરેલ કામગીરીનુ નામ,તેથી ગામને મળેલ લાભની વિગત,તે કામથી ગામમાં તૈયાર થયેલ મિલ્કત(એસેટ)ની કિંમત.

(૯)જળશ્રાવ યોજના શરૂ કરતા પહેલાં ગામમાં પડી રહેલા ખાલી તળાવો,કુવા, તળાવડાની સંખ્યા,જળશ્રાવ યોજના પુર્વે ગામની પડતર જમીન જળશ્રાવ થકી ગામ–વિસ્તારમાં વધારાનું કેટલું પાણી(લિટર–ગેલનમાં)એકત્ર થયું/થશે ?

(૧૦)તૈયાર થયેલ સ્ટ્રકચરથી જમીનના પાણીનાં તળ કેટલા ફુટ ઉંચે આવ્યાનુ જણાય છે ?

(૧૧)સંગ્રહિત પાણીથી કેટલા એકરમાં શિયાળુ પાક વધ્યા? કેટલા એકરમાં ઉનાળુ પાક વધ્યા ? સપોર્ટઈરીગેશન મળતા જે શિયાળુ અને ઉનાળુ પાક વધ્યા તેનુ નામ અને સબંધિત જળ શ્રાવના લીધેખેડુતોને જે આર્થિક ફાયદો થયો તેની અંદાજીત રકમ.

(૧૨)ગામની ખેતી અને પીવા વપરાશના પાણીની સ્થિતિમાં સુધારો થતાં ગામમાં શ્રમિકોનું સ્થળાંતર અટકયું ?હા/ના.તો આવા કુટુંબોની સંખ્યા.ગામથી બહાર ચાલી ગયેલા કુટુંબો પોતાના ગામમાં પરત આવ્યા ? સંખ્યા.

(૧૩)સ્વૈચ્છિક સંસ્થા તરીકેના તમારી આ કાર્યમાં લોક ભાગીદારીનું સ્વરૂપ(શ્રમ,આર્થિક સહયોગ,એકત્રીકરણમાં સહભાગીતા અને ટકાવારી)

(૧૪)યોજનાનાંઅમલમાંસંસ્થાગત રીતે ઉભા થતા પ્રશ્નોનુંસ્વરૂપ.

(અ)સંસ્થાના કાર્યકરો સબંધે પ્રશ્નો.

(બ)જરૂરીસરસામાનનીખરીદીનેસ્થળસુધી પહોચાડવાસંબંધેપ્રશ્નો.

(ક)કાર્યક્રમ અમલીકરણ સંબંધે સ્થાનિક લોકો સાથેના પ્રશ્નો.

(ડ)સરકારી વિભાગ સાથેના પ્રક્ષ્નો.

(અં)રાજકીય લોકો સાથેના પ્રશ્નો.

(૧૫)જળશ્રાવયોજનાનેલોકાભિમુખકરવા અંગે આપના સુચનો.

(૧૬)યોજના અન્વયે તૈયાર થતી સ્ટ્રકચરને વધુ મજબુત અને કાયમી રાખવા સંબંધે આપના સુચનો.

(૧૭)જળશ્રાવ યોજના માટેના આર્થિક શ્રોતને અસરકારી બનાવવા આપના સુચનો.

પ્રકાશન અંગેની જગ્યાના અભાવે ઉપરોકતનુ ૧૭ પ્રશ્નો અને તેના પેટા પ્રશ્નોને ટેબ્યુલેશન તરીકે મુકી શકાયા નથી પરંતુ આપ શકય હોય ટેબ્યુલેશન તૈયાર કરી સંભવિત પ્રત્યુતર એપ્રિલ–૨૦૦૦ના પ્રથમ વીકમાં આપશો તો આભારી થઈશુ. વિગતો મોકલવાનુ સરનામુ :–ડો. નાનક ભટ્ટ(મંત્રી)/સૌરાષ્ટ્ર મૈત્રીમંચ.એફ/૨૨,શ્રીનાથજી કુપલેક્ષ, વ્હાઈટ ચચપાસે, ફતેગંજ,વડોદરા.ટેલી.ફેકસ–૦૨૬૫,૭૭૫૫૮૧–૭૯૧૫૯૬

**સ્વ સહાય જુથો**

સંસ્થાની દેખરેખ નીચે ચાલતા સ્વસહાય જુથોના જુથ લીડરો માટેનો તાલીમ કાર્યક્રમ ૫ માર્ચના રોજ યોજાઈ ગયો જેમાં ૧૫ જુથ લીડરો સહભાગી બન્યા હતા.આ તાલીમ કાર્યક્રમમાં મંડળોએ રાખવાના થતા હિસાબો તથા અહેવાલ લેખન પર તાલીમ આપવામાં આવી.

**યુવતિ વિકાસ કેન્દ્ર**

૮માર્ચના રોજ ‘મહિલા દિન’ નિમિતે ખાંભા તાલુકાના તાંતણીયા મુકામે ૬૦ મહિલાઓની ઉપસ્થિતિમાં ‘મહિલા દિન’ની ઉજવણી કરવામાં આવી.શરૂઆતમાં મહિલા દિન શા માટે ઉજવવામાંઆવે છે તેના પર ચર્ચાકરવામાં આવી અને મહિલાઓ પર થતા અત્યાચારો તેમજ તેને અટકાવવા સ્ત્રી સંગઠનોની જરૂરીયાત પર ચર્ચા થઈ.

આ પ્રસંગે શ્રી નવલભાઈ જોષીએ કહયું કે બહેનો શિક્ષણને કારણે શકિતશાળી અને બુધ્ધિશાળી બની છે.તેમણે પૌરાણિક પાત્રો યાદ કરી સ્ત્રીઓના ત્યાગને બિરદાવ્યો હતો.તેમજ છોકરા છોકરીના ભેદને વખોડી કાઢી વિસ્તૃત ચર્ચાકરી હતી.

૧૦ માર્ચના રોજ યુવતિ વિકાસ કેન્દ્રનો સ્થાપના દિન ખાંભા તાલુકાના ભાડ મુકામે યોજાયો જેમા ૩૦ યુવતીઓ હાજર રહી હતી.જેમાં યુવતિ વિકાસ કેન્દ્રની સ્થાપના પાછળના ધ્યેયોની વિસ્તૃત ચર્ચાકરવામાં આવી.આ પ્રસંગે ડો. મમતાબેન નિમ્બાર્કએ ઘરની સ્વચ્છતા,બાળકોનો ઉછેર,એસીડીટી, ડાયાબીટીસ અને માસિક સ્ત્રાવ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

૩ માર્ચના રોજ ખાંભા તાલુકાના વિસાવદર ગામે જુથ કાઉન્સેલિંગે મા ૧૯ યુવતિઓને આંખ કાન નાક ની સંભાળ પર માર્ગદર્શન આપવામાં આવ્યુ.આ ઉપરાંત ૧૭ યુવતિઓએ કેન્દ્ર પર આવીને ખીલ નીકળવા, માસિક સમયે દુખાવો, માથુ દુખવુ વિ.બાબતો પર માર્ગદર્શન આપવામાં આવ્યુ.

**ઘોડીયા ઘર**

૨૦ માર્ચના રોજ દેવગામ મુકામે ઘોડીયા ઘર કેન્દ્ર પર વાલી સંમેલન યોજાયુ.જેમા બાળકોના વાલીઓ,ગ્રામ આગેવાનો સહિત ૪૮ સ્ત્રી–પુરૂષોએ હાજરી આપી હતી.આ પ્રસંગે વાલી સંમેલન યોજવા પાછળનો હેતુ,બાળકોની સંભાળની સમીક્ષા અને બાળકોને અપાતા પોષણક્ષમ આહારની સમીક્ષા કરવામાં આવી.કેન્દ્ર પર બાળકો આવવાથી તેમા થયેલ ફેરફારો વિશે તેમના વાલીઓએ મંતવ્યો રજુ કર્યા હતા.

આ ઉપરાંત હાજર રહેલા ગામના સરપંચ મંજુલાબેન પાંચાણીએ હાલ અનુભવાતી પાણીની સમસ્યા પર ચિંતા વ્યકત કરી આના ઉકેલ માટે ગ્રામ જનોએ પાણીનો વિવેક પુર્વક ઉપયોગ અને જળસંગ્રહના કામો કરવા હાકલ કરી .

**લોક જાગૃતિ**

પીવાના પાણીની આ વર્ષની ભયંકર સ્થિતિ ફરી જોવા ન મળે તે માટે ગ્રામ્ય સ્તરે લોક જાગૃતિ કેળવાઈ રહી છે. શહેરી વિસ્તારમાં લોકો પાણી માટે આંદોલન ચલાવી રહયા છે. ત્યારે ગામડા પાણીના સંગ્રહ માટે રાત દિવસ જોયા વિના કામે લાગી ગયા છે.

અમરેલીથી ૨૫ કિમી.ના અંતરે આવેલા દુધાળા ગામે દાતાઓની સહાયથી ગામની પુરી જમીનમાં જળસંચયના કામો હાથ ધર્યા છે.ઘણા ગામોમાંથી હિરા ઉદ્યોગમાં કે અન્યત્ર સ્થાઈ થયેલા શ્રીમંત લોકો જેતે ગામની વહારે આવ્યા છે. સૌરાષ્ટ્રમાં ઘણા ગામોમાં આ પ્રકારની જેહાદ ઉઠી છે.સ્વામિનારાયણ ગુરૂકુળ સહિત આ પ્રશ્ને જે લોકોને ચિંતા છે તે તમામ લોકો ગામડે ગામડે ફરી લોકોને જાગૃત કરી રહયા છે. રાજકીય શકિત પણ આ કામે લાગી છે. સરકારશ્રીએ ૬૦–૪૦ની યોજના દ્વારા સહયોગ આપ્યો છે.ત્યારે સ્થાનિક લોકોએ આ બાબતે ખુબ જ ગંભીરતા પકડી છે. અમરેલીથી ૫–૬ કિમી.ના અંતરે આવેલા કેરીયા નાગસ તથા લાલાવદર ગામે ગામ લોકો રોજ સાંજે ૮ થી ૧૦ એમ બે કલાક ગામનુ તળાવ બનાવવામાં લાગ્યા છે. ત્યારે અમરેલી શહેરના લોકોએ પણ ઉપર કહી તે મુજબ આંદોલનની વાતને એકબાજુ હડસેલી અમરેલી શહેરમાંથી પસાર થતી ઠેબી નદીને ઉંડી ઉતારવા તથા કામનાથ પાસે મોટુ તળાવ બને તે માટે શ્રમ યજ્ઞ શરૂ કર્યો છે.શહેરના લોકો,ટ્રકટર માલીકો,જેસીબી માલીકો એ પોતાના સાધનોનો સહયોગ આ કાર્યને આપ્યો છે.અમરેલી શહેર તો છેલ્લા ૨૦ વર્ષ ઉપરાંતથી પીવાના પાણીની સમસ્યા અનુભવે છે.અમરેલીથી ૪૫ કિમી. દુર ધારી–ખોડીયાર ડેમમાંથી આ શહેરને પાણી મળે છે.જે હાલમાં ૪–૫ દિવસે એક વખત ૧૫–૨૦ મીનીટ આપવામાં પણ તંત્રને ખુબ જ મુશ્કેલી અનુભવવી પડે છે. જો નગરના રહેવાસીઓ આ ગંભીર સમસ્યાને ઉકેલવા તંત્રને સહયોગ આપશે તો તે હળવી બનાવી શકાશે તેમ માનીને જ લોકોએ સ્વયંભૂ કામગીરી હાથ ધરી છે. જેમા ભૂગર્ભ ટાંકા ,રિચાર્જીગના પ્રયોગો લોકો આપમેળે હાથ ધરી રહયા છે.

**જલસેવા**

સત્યજીત ટ્રસ્ટ, અમદાવાદ પ્રકાશિત જલસેવા સ્વયં સેવી સંસ્થાઓને મોકલાઈ રહયુ છે.જળની જનમોતરી માંડતુ આ સામયિક જળ માટે ચિંતીત લોકોને સરસ માહિતી આપે છે. ઉપર વાત થઈ તેમ લોકો દ્વારા, સંસ્થાઓ/સરકારશ્રી અને દાતાઓ થકી ચાલતી કામગીરીને વાંચકો સધી પહોચાડે છે. સંપર્કઃ– સત્યજીત ટ્રસ્ટ, બી–૧, નીલદીપ એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર–બોડકદેવ, અમદાવાદ.

**ગાંડો બાવળ ફળદ્રુપ જમીનને બગાડી કેમ શકે ? –પ્રેમજીભાઈ**

**'માનવતાથી મહાન બીજો કોઈ ધર્મ નથી'**

જો આપણે સમગ્ર સમાજનુ ભલુ ઈચ્છતા હોઈએ તો વ્યાપક બ્રહમ ભાવના અપનાવ્યા સિવાય ઉધ્ધાર નથી. આજે જરૂર છે 'સુમતિ'એટલે સારી બુધ્ધિની સાથે થનગનતા યૌવન સભર પુરૂષાર્થની આ બે બાબતોનો યોગ એટલે સુયોગ. અંતઃકરણની મલીનતા જાય તો પરમાર્થ વૃતિ પ્રાપ્ત થાય એક ગ્રામ ઓછુ કે ભેળસેળ નહી અને લુટવાની વાત નહી. આ બાબત આચરણમાં મુકવા માટે આજે યુવાનોએ એટલે જેની પાસે જગતને કંઈક આપી જવાની દ્રષ્ટિ છે તેવી વ્યકિતઓએ આગળ આવી પહેલ કરવાની તાત્કાલિક જરૂર છે.

કોઈનો પણ વિરોધ કર્યા વગર સમાજ હિત લક્ષી વ્યકિતઓ આ સંસ્થાનો સંપર્ક સાધશે તો જગતના ૯૦ ટકા પ્રશ્નોનો ઉકેલ આપણા આ વર્તનના વિજ્ઞાન દ્વારા મળી શકશે તેની ખાત્રી થયા વગર રહેશે નહી. દહેજ પ્રથા,આત્મવિલોપન, ગરીબી,અસામાજીક પ્રવૃતિઓ જેવા અસંખ્ય પ્રશ્નો ઉકેલી શકાય તેમ છે. આ માટેના સર્વગ્રાહી વિચારો અમારી પાસે છે.શારિરીક અને આર્થિક શકિતના સુમેળથી જગતને યોગ્ય માર્ગે દોરી શકાય તેમ છે.

૧૦૦ % શુધ્ધ વસ્તુઓ પુરતા વજનમાં,ઓછી કિમતથી લોકોને મળે તો તેનાથી રૂડુ બીજુ શું હોઈ શકે ? આ માટે ક્રાંત દ્રષ્ટિના યુવાનો આગળ આવો.આપણે આપણા કાર્યોથી નુતન યુગનુ નિર્માણ કરીએ.આપણે શહેરે શહેરમાં સુપર માર્કેટ સર્જીને ટુંકા ગાળાના તાલીમ કાર્યક્રમો શરૂ કરીએ. આપણા મિત્રોને લાઈફ ટાઈમ મેમ્બર્સ બનાવી આપણી મુડી ઉભી કરીએ. જેથી સરકાર કે બેંક સહાયની જરૂર ન રહે. આથી ભ્રષ્ટાચારઆપોઆપ દુર થઈ જાય.

દરેક તાલુકામાં એક ઔદ્યોગિક સંકુલ હોય,યુવાશકિતથી નિર્માણ થયેલી બેન્ક હોય અને એક સુપર માર્કેટ હોય તો ભારતની તમામ યુવાશકિતનેકામે લગાડી શકાય.ગામો ગામ મિની સુપર માર્કેટ હોય,ફુલફળ,શાકભાજી ઉછેર કેન્દ્રો, ગૌશાળા,સામુહિક સત્વ યુકત ભોજનાલય ,તાલીમી સેવા માટે કુદરતી ઉપચાર કેન્દ્રો હોય,નવી ટેકનોલોજી મેળવવાની સુવિધા હોય તો કુટીર ઉદ્યોગો દ્વારા ફકત બે વર્ષમાં જ સમાજની કાયાપલટ કરી શકાય.

દરિયા કાંઠાના વિસ્તારમાં સમુદ્ર કિનારાને સમાંતર ઉડી ખાઈ ખોદી અને તેમાં દરિયા તરફ પ્લાસ્ટર કરવામાં આવે અનેજમીન તરફનો ભાગ માટી વાળો રાખીએ તો વરસાદી પાણી આ નહેરમાં જશે.નદીઓના પાણી નહેરમાં જશે જેથી નદીઓ બારેમાસ ભરેલી રહેશે.તે પાણી સરવાણીઓ દ્વારા ભુગર્ભમાં જશે.પાણીના તળ ઉંચા આવશે.ખેડુતોને આકાશ તરફ જોવુ નહી પડે કારણ કે નદીઓના પાણી જ આપણી ધરતીને પુરતા થઈ રહે તેમ છે.વર્ષમાં બે થી ત્રણ પાક સહેલાઈથી મળી શકે તો ગામો સ્વાવલંબી બની જાય.દરેક ગામની મોટા ભાગની જરૂરીયાતો સ્થાનિક લેવલેજ મળશે. જરૂરી માલ ઉત્પાદન કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવીએ તો ખોટા ખર્ચ ઓછા આવે અને ભાવ સપાટી નીચી રહે.

—'સુમતિ' સ્ટાર કોમ્પલેક્ષ,પ્લોટ ચોકી ,પોરબંદર

**યુવા વિકાસ કેન્દ્રની સ્થાપના**

સાવરકુંડલામાં પ્રજાસતાક પર્વના દિવસે યુવા વિકાસ કેન્દ્ર સાવરકુંડલાની સ્થાપના કરી છે.તાલુકા,જીલ્લા,રાજય અને રાષ્ટ્ર કક્ષાની યુવક પ્રવૃતિઓ દ્વારાયુવા વર્ગના સર્વાંગી વિકાસમાંફાળો આપવાના હેતુથી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે.

Printed by Dhiren Vagadia and Published by Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centere and Printed at Devkamal Computers- Amereli and Published at Amreli, Editor Dhiren Vagadia.

**Book -Post,Printed Matter**
**Post Regn. No. G/AMI-91/99**

ESC

પ્રતિશ્રી, ____________________

____________________

____________________

____________________

ટપક કાર્યાલય
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫

**પાણી અને પૈસાની બચત દુષ્કાળમા આપે છે રાહત**